સાત મહિના પછી ફરી જાગેલી પંચાયત સામે સવાલો

## ચીખલીમાં દબાણ હટાવવાનું ભૂત ફરી ધુણ્યું

**લારી**-ગલ્લા ધારકોને પાંચ દિવસમાં સ્વૈચ્છિક દબાણ હટાવવા આલ્ટીમેટમ, ખર્ચ વસૂલવાની પણ ચીમકી

**અગાઉ** ફેબ્રુઆરી માસમાં નોટિસ અપાયા પછી કોઈ કાર્યવાહી થઈ ન હતી, ત્યારે આ વખતે દબાણ હટશે કે કેમ તે મોટો પ્રશ્ન



ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી ગ્રામ પંચાયત દ્વારા જાહેર નોટિસના માધ્યમથી લારી-ગલ્લાવાળાઓને પાંચ દિવસમાં સ્વૈચ્છિક રીતે દબાણ દૂર કરવા ચેતવણી આપવામાં આવી છે. જો નિયત સમયમાં દબાણ દૂર નહીં થાય, તો પંચાયત દ્વારા દબાણ હટાવીને તેનો ખર્ચ વસૂલવાની ચીમકી અપાઈ છે. જો કે, ગત ફેબ્રુઆરી મહિનામાં પણ આ જ રીતે નોટિસ ફટકાર્યા બાદ ગ્રામ પંચાયતના શાસકો નરમ પડી ગયા હતા અને કોઈ જ નક્કર કાર્યવાહી થઈ નહોતી. હવે પૂરા સાત મહિના બાદ ફરીથી દબાણ હટાવવાનો મુદ્દો એરણે ચઢતા અનેક સવાલો ઊભા થયા છે.

હાલમાં ચીખલીમાં સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના લોકાર્પણ પહેલા માર્ગ અને મકાન વિભાગ દ્વારા મુખ્ય માર્ગો પરથી લારી-ગલ્લાના દબાણો હટાવવામાં આવ્યા હતા. આ દરમિયાન ચીખલી ગ્રામ પંચાયત પણ હરકતમાં આવી છે. તાજેતરમાં ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૬ની તારીખથી જાહેર નોટિસ ફટકારીને જણાવાયું છે કે, ગ્રામ પંચાયતની હદ વિસ્તારમાં આવેલા મકાનો, દુકાનોના માલિકો, લારી-ગલ્લાવાળાઓ અને પાથરણાવાળાઓ દ્વારા ગામમાંથી પસાર થતા મુખ્ય માર્ગો પર કરાયેલા હંગામી દબાણો આગામી પાંચ દિવસમાં સ્વૈચ્છિક રીતે દૂર કરવા. જો તેમ નહીં થાય તો આગામી ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૬થી પંચાયત દ્વારા દબાણો દૂર કરવાની કડક કાર્યવાહી હાથ ધરીને તેનો ખર્ચ પણ સંબંધિતો પાસેથી વસૂલવામાં આવશે.

અગાઉ ફેબ્રુઆરીમાં પણ પંચાયતે આવી જ ચીમકી આપી હતી, પરંતુ રાજકીય દખલગીરીના કારણે તંત્ર ચૂપ થઈ ગયું હતું અને દબાણો યથાવત રહ્યા હતા. આ સ્થિતિ જોતાં ગાજ્યા મેઘ વરસે નહીં જેવો ઘાટ સર્જાયો હતો. હવે ફરીથી તંત્ર જાગ્યું છે ત્યારે અગાઉની જેમ માત્ર કાગળ પર જ નોટિસો રહેશે કે ખરેખર દબાણો દૂર થશે, તે જોવું રહ્યું.

### રોજગારી અને ટ્રાફિક વ્યવસ્થા સામે સવાલો

ચીખલી, સમરોલી અને થાલાની હદમાં દબાણો દૂર કરવામાં આવ્યા છે, પરંતુ આ સમસ્યાનું કાયમી નિરાકરણ આવે અને વર્ષોથી લારી-ગલ્લા ચલાવતા વેપારીઓની રોજગારી ન છીનવાય તે માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓએ યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ. હાલમાં રોજગારી છીનડાવાની સૌથી વધુ અસર સ્થાનિકો પર પડી છે. હંગામી દબાણો ઉપરાંત કાયમી દબાણો પર પણ ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. વધુમાં, ચીખલીના મુખ્ય માર્ગો પર પાર્કિંગની સુવિધા ન હોવા છતાં પહેલા અને બીજા માળે ધમધમી રહી છે અનેક ખાનગી હોસ્પિટલો ધમધમી રહી છે. આડેધડ પાર્કિંગના કારણે ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાય છે. તેથી, ટ્રાફિકનું સરળ વહન થાય તે માટે તંત્ર દ્વારા દબાણ હટાવવાની સાથે અન્ય પાસાઓ પર પણ ગંભીરતાથી વિચાર કરવો અનિવાર્ય છે.

## સિટી સર્વે-જમીન દફતરની હડતાળથી રિયલ એસ્ટેટને ફટકો

**વલસાડના** રિયલ એસ્ટેટ એસોસિએશની મુખ્યમંત્રીને રજૂઆત

વલસાડ : રાજ્યમાં સિટી સર્વે તેમજ જમીન દફતર શાખાના કર્મચારીઓ વિવિધ પડતર માંગણીઓને લઈને હડતાળ પર ઉતરતાં વહીવટી કામગીરી પર વ્યાપક અસર પડી રહી હોવાનો મુદ્દો વલસાડ જિલ્લા રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશન દ્વારા ઉઠાવવામાં આવ્યો છે. એસોસિએશને મુખ્યમંત્રીને પત્ર પાઠવી કર્મચારી સંગઠનો સાથે તાત્કાલિક સકારાત્મક સંવાદ સાધી હડતાળનો ઉકેલ લાવવા અને અટકેલી કામગીરી ફરી શરૂ કરાવવા રજૂઆત કરી છે.

એસોસિએશનના જણાવ્યા મુજબ, સિટી સર્વે અને જમીન દફતરની કામગીરી બંધ રહેતાં નવા રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સને અસર થઈ રહી છે. માપણી શીટ, સિટી સર્વે નકશા, પ્રોપર્ટી કાર્ડ અપડેટ, ટાઇટલ ક્લિયરન્સ તેમજ બિનખેતી (NA) સંબંધિત દસ્તાવેજી પ્રક્રિયાઓ અટકી જવાથી પ્લાન પાસિંગ અને જરૂરી પરવાનગીઓ મેળવવામાં વિલંબ થઈ રહ્યો છે. હડતાળની અસર સામાન્ય નાગરિકો પર પણ પડી રહી હોવાનું એસોસિએશને જણાવ્યું છે. તાજા પ્રોપર્ટી કાર્ડ અને માપણી અહેવાલ ઉપલબ્ધ ન થતાં ઘર કે દુકાન ખરીદનારાઓને હોમ લોન અને મોર્ગેજ મંજૂર કરાવવામાં તેમજ લોન ડિસ્બર્સમેન્ટમાં મુશ્કેલી પડી રહી છે. વારસાઈ નોંધ, હક્ક કમી, વહેંચણી અને બક્ષિસ દસ્તાવેજો સંબંધિત કામગીરી પણ અટકી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. બાંધકામ ક્ષેત્ર સાથે સંકળાયેલા કડિયા, સુથાર, પ્લમ્બર, ટ્રાન્સપોર્ટર્સ, નાના વેપારીઓ અને બાંધકામ સામગ્રીના સપ્લાયર્સ સહિતના લોકોની રોજગારી પર પણ તેની અસર પડી રહી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. નવી સાઇટો શરૂ ન થવાથી દૈનિક મજૂરી પર નિર્ભર પરિવારો સામે આજીવિકાનું સંકટ ઊભું થયું છે.

આ ઉપરાંત નવા ઔદ્યોગિક એકમો માટે જરૂરી જમીન માપણી, સીમાચિહ્નોની ખાતરી, લે-આઉટ વેરિફિકેશન અને ટાઇટલ વેરિફિકેશનની કામગીરીમાં વિલંબ થતાં વિકાસ પર અસર થશે.

### સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન ફી સહિતની આવકમાં નુકસાન

એસોસિએશને વધુમાં જણાવ્યું છે કે, દસ્તાવેજ રજિસ્ટ્રેશન, નકશા ફી, માપણી અરજીઓ અને વિવિધ પ્રીમિયમની વસૂલાત સાથે જોડાયેલી કામગીરી અટકતાં રાજ્ય સરકારને સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન ફી સહિતની આવકમાં પણ નુકસાન થઈ રહ્યું છે.

## સેલવાસની કોલેજમાં MBBSની બેઠકો વધીને ૨૦૦ થઇ

**શૈક્ષણિક** વર્ષ ૨૦૨૬-૨૭ માટે કેન્દ્ર સરકારની મંજૂરી

**૨૩ બેઠકોનો** વધારો થતા તબીબી શિક્ષણ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે નવી તકો ઊભી થશે

સેલવાસ : સંઘપ્રદેશ દાદરા અને નગરહવેલીના સેલવાસ સ્થિત નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે MBBS ની પ્રવેશ ક્ષમતા ૧૭૭ થી વધારીને ૨૦૦ બેઠકો કરવાની મંજૂરી કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવી છે. તબીબી શિક્ષણના વિસ્તાર અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ માટે આ નિર્ણય એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

બેઠકો વધારવાના આ નિર્ણય માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમજ દાદરા અને નગરહવેલી તથા દમણ અને દીવના પ્રશાસક પ્રફુલભાઈ પટેલના પ્રયાસોને વધાવી લઈ નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. કોલેજમાં જરૂરી ફેકલ્ટી ઉપલબ્ધ કરાવવા માટે રચાયેલી 'રિક્રુટમેન્ટ કમિટી' અને વધારાના શૈક્ષણિક પદોની મંજૂરી જેવા વહીવટી નિર્ણયોએ આ વિસ્તરણમાં મહત્વની ભૂમિકા ભજવી છે.

આ ઉપરાંત કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાના સહયોગ બદલ પણ આભાર વ્યક્ત કરાયો છે. MBBS ની ૨૩ બેઠકો વધવાથી પ્રદેશ તેમજ દેશના અન્ય ભાગોના વિદ્યાર્થીઓ માટે તબીબી શિક્ષણ મેળવવાના દ્વાર ખુલ્લા થશે. આ સિદ્ધિ કેન્દ્ર સરકાર, પ્રશાસન અને સંલગ્ન હિતધારકોના સામૂહિક પ્રયાસોનું પરિણામ છે, જે આ વિસ્તારમાં આત્મનિર્ભર હેલ્થકેર ઇકોસિસ્ટમના નિર્માણમાં મોટું યોગદાન આપશે.

## દરિયામાં બોટ પલટી જતા ડૂબી ગયેલા બાળકનો મૃતદેહ મળ્યો

**ઉમરસાડી** માછીવાડમાં લાલજી મહારાજને સ્નાન કરાવવા જતી શ્રદ્ધાળુઓની બોટ પલટતાં દોઢ વર્ષનું બાળક ડૂબ્યું હતુ

પારડી : પારડી તાલુકાના ઉમરસાડી માછીવાડ ગામે એકાદશી નિમિત્તે લાલજી મહારાજની મૂર્તિને સમુદ્ર સ્નાન કરાવવા માટે નીકળેલી શ્રદ્ધાળુઓની બોટ પલટી જતાં દોઢ વર્ષનું બાળક દરિયામાં ગરકાવ થઈ ગયું હતું. સતત ૨૦ કલાક સુધી ચાલેલા સઘન રેસ્ક્યુ ઓપરેશન બાદ બાળકનો મૃતદેહ મળી આવ્યો છે.



ઉમરસાડી માછીવાડના માછીમાર સમાજ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ મંગળવારે મોરી ફળિયાના ભક્તજનો લાલજી મહારાજની મૂર્તિને દરિયામાં સ્નાન કરાવવા લઈ જવામાં આવી રહી હતી. આ દરમિયાન બોટના પંખામાં માછીમારીની જાળનું દોરડું ફસાઈ જતા બોટનું સંતુલન બગડ્યું અને તે પલટી ગઈ હતી. બોટમાં પૂજારી સહિત ૬ થી ૮ લોકો સવાર હતા. બોટ પલટી તે સમયે દાદીના ખોળામાં બેઠેલું દોઢ વર્ષનું બાળક મોક્ષાર્થ અજયભાઈ ટંડેલ પાણીમાં ડૂબી ગયું. બોટમાં સવાર અન્યોને માછીમારોએ બહાર કાઢી લીધા હતા. ઘટનાની જાણ થતાં જ પોલીસ, સરપંચ અને ચંદ્રપુર તથા ઉમરસાડી માછીવાડના તરવૈયાઓ દરિયાકિનારે દોડી આવ્યા હતા. બાળકની શોધખોળ માટે રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરાયું હતું. સતત ૨૦ કલાકની ભારે જહેમત બાદ આજે સવારે 6.10 વાગ્યે ટીવી સ્ટ્રીટ ફળિયા નજીકના દરિયાકિનારેથી બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો મેળવી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાને પગલે સમગ્ર ઉમરસાડી પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને પરિવારજનોમાં અરેરાટી વ્યાપી ગઈ છે.



ગિરીશ ભોયે

## ડાંગની સંરક્ષણ દીવાલમાં ગાબડું પડતા લોકોમાં રોષ

**મહાલ** ગામમાં માર્ગ ધોવાતા અકસ્માતનું જોખમ વધ્યું

**દીવાલની** નીચે પૂર્ણા નદી વહેતી હોવાથી વાહન ખાબકવાની આશંકા

સાપુતારા : ડાંગ જિલ્લાના ગાઢ જંગલ વિસ્તાર તરીકે જાણીતા મહાલ ગામમાં ચોમાસા દરમિયાન માર્ગોની જાળવણીના અભાવે ગ્રામજનોની મુશ્કેલીઓમાં વધારો થયો છે. મહાલ ગ્રામ પંચાયત કચેરીથી ઉપલા ફળિયાને જોડતા મુખ્ય માર્ગ પર ભારે વરસાદના કારણે સાઈડમાં વ્યાપક ધોવાણ થયું છે, જેના પરિણામે સંરક્ષણ દીવાલમાં મોટું ગાબડું પડી ગયું છે. આ માર્ગ સાંકડો બનવાને કારણે વાહનચાલકો માટે ગંભીર અકસ્માતનું જોખમ ઊભું થયું છે.

મહાલનો આ વિસ્તાર પ્રકૃતિપ્રેમીઓમાં ખૂબ જાણીતો છે. અહીં વન વિભાગનું રેસ્ટ હાઉસ અને ઈકો કેમ્પ સાઈટ આવેલી હોવાથી પ્રવાસીઓની સતત અવરજવર રહે છે. જો કે, આંતરિક માર્ગોની યોગ્ય જાળવણીના અભાવે સ્થાનિકોને હાલાકી ભોગવવી પડી રહી છે. સંરક્ષણ દીવાલની બરાબર નીચે પૂર્ણા નદીનો પ્રવાહ વહે છે. આવી સ્થિતિમાં જો કોઈ વાહનચાલકનું સંતુલન ખોરવાય અને વાર્ગ પરથી વાહન નીચે પછડાય તો મોટી હોનારત સર્જાઈ શકે છે. રાત્રિના સમયે આ જોખમ વધુ વધી જાય છે.

સ્થાનિક ગ્રામજનો અને પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને, તંત્ર દ્વારા કોઈ મોટી દુર્ઘટના સર્જાવાની રાહ જોયા વગર તાત્કાલિક ધોરણે સ્થળનું નિરીક્ષણ કરવું જોઈએ. ક્ષતિગ્રસ્ત સંરક્ષણ દીવાલનું સમારકામ કરાવીને ગાબડું પૂરવામાં આવે અને જોખમી સ્થળે પૂરતી સુરક્ષા વ્યવસ્થા ઊભી કરવામાં આવે તેવી ગ્રામજનોમાં પ્રબળ માંગ ઉઠી છે.

## ધરમપુરમાં હોમ લોનના બહાને છેતરપિંડી આચરનાર ઝડપાયો

ધરમપુર : ધરમપુરમાં હોમ લોન કરાવાના બહાને છેતરપિંડી આચરનાર માંડવીના ઘંટોલી રૂઢીયા ફળિયામાં રહેતા યુવકને પોલીસે તેના ઘરે દરોડો પાડી તેને ઝડપી લીધો હતો અને ધરમપુર પોલીસ સ્ટેશન ખાતે લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા તથા ધરમપુર વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક ડૉ. સંદીપ ટી.ની સૂચના અને ધરમપુર પોલીસ ઈન્સ્પેક્ટર એન.ઝેડ. ભોયાના માર્ગદર્શન હેઠળ પોલીસ કર્મચારીઓની ટીમ આરોપીને શોધવા માટે કામે લાગી હતી. બાતમી મળતા જ પોલીસે ઘંટોલી ગામે પ્રાયમરી સ્કૂલ પાસે રહેતા સુજીતકુમાર કીરણભાઈ ચૌધરીને ઝડપી પાડ્યો હતો. આ સફળ કામગીરીમાં પોલીસ ઈન્સ્પેક્ટર એન.ઝેડ. ભોયા, એએસઆઈ અશોકભાઈ, એએસઆઈ સંદીપભાઈ, અ.હે.કોન્સ. જીજ્ઞેશભાઈ રમેશભાઈ, આપો.કોન્સ. રાહુલભાઈ છગનભાઈ રબારી અને આ.પો.કોન્સ. વસંતભાઈ માનસીંગભાઈ જોડાયા હતા.

## છીપવાડમાં મકાનની બાલ્કની ધરાશાયી

**હનુમાનજી** મંદિર સામે બનેલી ઘટના બાદ જોખમી ઇમારત ખાલી કરાઇ

વલસાડ : વલસાડ શહેરના છીપવાડ વિસ્તારમાં આવેલા હનુમાનજી મંદિરની સામે ગત રાત્રે એક મોટી દુર્ઘટના બનતા અટકી હતી. અહીં એક અતિ જર્જરિત ઈમારતની બાલ્કની અચાનક તૂટી પડતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને દોડધામ મચી ગઈ હતી. જોકે, ઘટના સમયે નીચે કોઈ હાજર ન હોવાથી સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી.



ઘટના અંગે જાણ થતાં જ વોર્ડ નંબર ૫ ના કાઉન્સિલર/સભ્ય હિતેશભાઈ પટેલ પોતાની ટીમ સાથે તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતાં. આ સાથે વલસાડ નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી. સુરક્ષાના ભાગરૂપે તાત્કાલિક અસરથી ઈમારત ખાલી કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

રહીશોમાં આ ઘટનાને લઈને ભારે ચિંતા જોવા મળી રહી છે. લોકોની માંગ છે કે પાલિકા દ્વારા જર્જરિત મકાનનો લાવવામાં આવે. સ્થાનિકોએ પ્રશ્ન ઉઠાવ્યો છે કે, જો ભવિષ્યમાં જર્જરિત ઈમારતોને કારણે કોઈ મોટી દુર્ઘટના સર્જાય અને જાનહાનિ થાય, તો તેની જવાબદારી કોની રહેશે?






ચેતનભાઈ પટેલ - ગોકુલધામ, મલગામા



વિશ્વા, સોનલ, હિતેશ પટેલ ડાહ્યા પાર્ક સોસાયટી, માંડવી



ભાર્ગવ બગીયા - રામજી મંદિર, સુથાર ફળીયા, માંડવી



મહિલા મંડળ - શિવનગર સોસા., કબીલપોર, નવસારી



કેતનભાઈ શુકલ - શિવસાંઈ મંડળ, મહુવા



પ્રકુલ ચૌધરી - નિશાળ ફળિયું, ભીમપોર, વાલોડ

## ટ્રાન્સપોર્ટ કંપનીએ ભાડું માંગ્યુ ત્યારે ઠગાઈની જાણ થઈ

**નાની** દમણના કમિશન એજન્ટે જાણીતી ફેક્ટરીના નામનો દુરુપયોગ કરી મોબાઈલમાં એડિટિંગથી બનાવ્યા ખોટાં બિલો

સુરત:ઉધના વિસ્તારમાં આવેલી બેગ ઉત્પાદન કરતી ફેક્ટરીના નામનો દુરુપયોગ કરી મોબાઈલમાં બોગસ બિલો બનાવી ટ્રાન્સપોર્ટર અને કંપની સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરવાનો કિસ્સો સામે આવ્યો છે.કંપનીના મેનેજરની ફરિયાદના આધારે ઉધના પોલીસે દમણના કમિશન એજન્ટ વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વેસુ ખાતે આવેલા સ્વપ્નભૂમિ એપાર્ટમેન્ટમાં રહેતા ૩૧ વર્ષીય દીપક અશોકકુમાર શર્મા બી.આર.સી. ઉધના ખાતે આવેલી યુ-૨૫ ટેકરીવાલ એન્ડ સન્સ (લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રીઝ) નામની બેગ બનાવતી કંપનીમાં છેલ્લા ૧૦ વર્ષથી મેનેજર તરીકે નોકરી કરે છે. તેમના પર રાજશ્રી ટ્રાન્સપોર્ટ કંપનીના માલિક જિતેન્દ્ર મોહનલાલ શર્માનો તેમના પર ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે, તેમની કંપનીનું રૂ. ૧,૨૧,૦૦૦નું ટ્રાન્સપોર્ટ ભાડું બાકી છે. કંપનીમાં આવો કોઈ માલ આવ્યો ન હોવાથી મેનેજરે કોમ્પ્યુટરમાં ચકાસણી કરતા કોઈ બિલ મળ્યું ન હતું. જેથી ટ્રાન્સપોર્ટર પાસે બિલ મંગાવવામાં આવ્યું હતું. વોટ્સએપ પર મળેલા બિલની તપાસ કરતાં કંપનીનો જીએસટી નંબર અને નામ ખોટાં હોવાનું બહાર આવ્યું હતું. મામલાની ગંભીરતા જોઈ મેનેજરે ટ્રાન્સપોર્ટર જિતેન્દ્ર શર્મા અને નાની દમણ ખાતે રહેતા કમિશન એજન્ટ કૃણાલ હરિભાઈ પટેલ (ઉ.વ.૩૧)ને કંપની ખાતે બોલાવ્યા હતા. કંપની ખાતે કમિશન એજન્ટ કુણાલ પટેલે કબૂલાત કરી હતી કે તેણે તા. ૦૮/૦૫/૨૦૨૬થી તા. ૨૨/૦૮/૨૦૨૬ દરમિયાન પોતાના મોબાઈલમાં કંપનીના નામના બિલોમાં એડિટિંગ કરીને ખોટા બિલો બનાવ્યા હતા. તેણે ટ્રાન્સપોર્ટના નામે કુલ રૂ. ૨,૮૧,૦૦૦ મેળવ્યા હતા, જેમાંથી રૂ. ૧,૬૦,૦૦૦ પરત કર્યા હતા અને કમિશન પેટે રૂ. ૧,૨૧,૦૦૦ની છેતરપિંડી આચરી હતી. કમિશન એજન્ટ કુણાલ પટેલ સામે મેનેજરે ઉધના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં પોલીસે ગુનો નોંધ્યો છે.





હીરો હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ: 09, કોમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી - 110057
ફોન: 011 49267000, ટોલ ફ્રી નંબર: 1800 212 8800, ઇમેઇલ: customer.care@herohfl.com,
વેબસાઇટ:www.herohousingfinance.com | CIN: U65192DL2016PLC30148
સંપર્ક સરનામું: ઓફિસ નંબર 701, 7મો માળ, રોયલ ટ્રેડ સેન્ટર, સ્ટાર બજાર સામે, હજીરા રોડ, અડાજણ, સુરત -395009

કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

(સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8(1) સાથે વાંચવામાં આવતી પરિશિષ્ટ IV મુજબ)
જેમ કે, સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વંચાતા કલમ 13(12) હેઠળ મળેલી સત્તાઓની રૂએ હીરો હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી તરીકે અધોહસ્તાક્ષરકર્તાએ નીચે જણાવેલ ઉધારકર્તાઓને સદર નોટિસની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ ચૂકવવા માટે ડિમાન્ડ નોટિસ અત્રે દર્શાવ્યા મુજબ જારી કરી હતી.
ઉધારકર્તા રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ હોવાથી ખાસ કરીને ઉધારકર્તાને અને સામાન્ય રીતે જનતાને આથી નોટિસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરકર્તાએ સદર કાયદાની કલમ 13(4) સાથે વંચાતા સદર નિયમોના નિયમ 8 હેઠળ તેમને મળેલી સત્તાઓની રૂએ અત્રે નીચે વર્ણવ્યા મુજબની મિલકતનો કબજો લઈ લીધો છે.
ખાસ કરીને ઉધારકર્તાને અને સામાન્ય રીતે જનતાને આથી મિલકત સાથે કોઈ પણ જાતનો વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈ પણ વ્યવહાર હીરો હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડના નીચે દર્શાવેલ રકમ તેમજ તેના પરના વ્યાજ અને દંડકીય વ્યાજ, ચાર્જીસ, ખર્ચ વગેરેના બોજાને આધીન રહેશે.
સુરક્ષિત મિલકત છોડાવવા માટે ઉપલબ્ધ સમય સંદર્ભે કાયદાની કલમ 13ની ઉપ-કલમ (8)ની જોગવાઈઓ તરફ ઉધારકર્તાનું ધ્યાન દોરવામાં આવે છે.

| લોન એકાઉન્ટ નં. | જવાબદાર વ્યક્તિ(ઓ)/ લીગલ વારસદાર(ઓ)/લીગલ પ્રતિનિધિ(ઓ)ના નામ | ડિમાન્ડ નોટિસની તારીખ/ ડિમાન્ડ નોટિસ મુજબની રકમ | કબજાની તારીખ (સાંકેતિક/પ્રત્યક્ષ) |
|---|---|---|---|
| HHFNVSHOU24000051957, HHFNVSIPL24000051960 | તબસુમ સિદીક સૈયદ, સિદીક રશીદ સૈયદ | 12-03-2026, રૂ. 19,43,515/- (તારીખ 12-03-2026ના રોજ બાકી) | 20.09.2026 (પ્રત્યક્ષ) |

સુરક્ષિત મિલકતો/સ્થાવર મિલકતોનું વર્ણન: રાજ્ય ગુજરાતના જીલ્લા: નવસારી, તાલુકા: નવસારીના મોજે નવસારીના વોર્ડ નં. 4, ટીકા નં. 10/2, ઘર નં. 1545/403, પીટી વોર્ડ નં. 4, ટેનામેન્ટ નંબર 1004789/0, જૂનો ટેનામેન્ટ નંબર 7809/0 વાળા સીટી સર્વે નંબર 51, 50, 54 કુલ ક્ષેત્રફળ 343.64.92 ચો.મી. પૈકી 215.72.14 ચો.મી. વાળી જમીન પર આવેલ "રોયલ પેલેસ-બી"માં 14.38 ચો.મી. જમીનમાં અવિભક્ત હિસ્સા સાથે 4થા માળે આવેલ ફ્લેટ નં. 403, જેનું ક્ષેત્રફળ 940 ચોરસ ફૂટ એટલે કે 87.36 ચો.મી. છે, તે તમામ પિસીસ અને પાર્સલ વાળી રહેણાંક મિલકત. ટાઇટલ દસ્તાવેજમાં લખેલ સામાન્ય સુવિધાઓ સાથે. મિલકતની ચતુર્સીમા: ઉત્તરે: કોમન પેસેજ, દક્ષિણે: રોડ, પૂર્વે: ફ્લેટ નં. 402, પશ્ચિમે: દશામાતા મંદિર.

તારીખ: 24.09.2026
સ્થળ: નવસારી

સહી/- અધિકૃત અધિકારી
હીરો હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ માટે